જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૯/૨૦૧૭ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**   **સમાચાર યાદી નં.૧૯૦૩/૧૭**

## અમદાવાદ શહેર સહીત ગુજરાત ભરના અન્ય શહેરોમાંથી ફોરવ્હીલ ગાડીઓની ચોરીઓ કરતી ટોળકીના ત્રણ ઈસમોને પકડી લઈ અનેક વાહન ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલતી ક્રાઈમબ્રાન્ચ

અમદાવાદ શહેરમાં બની રહેલ વાહનચોરી અંગેના ગુનાઓ શોધી કાઢવા સારુ મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર નાઓએ કરેલ સુચના આધારે શ્રી જેકે. ભટ્ટ સંયુકત પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ નાઓની સુચના આધારે શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી, ડો.રાજદીપસિંહ ઝાલા, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ નાઓના માર્ગદર્શન આધારે અત્રેની શાખાના પો.સ.ઈ.શ્રી સી.બી.ચૌધરી તથા પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઈ.શ્રી જે.એમ.પટેલ તથા સ્ટાફના માણસો તા.૧૮/૦૯/૨૦૧૭ ના રોજ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન રબારી કોલોની ચાર રસ્તા ખાતેથી આરોપીઓ (૧) ભવરદાસ હરીદાસ વૈષ્ણવ ઉ.વ. ૪૯ રહે. રાધેકુંજ માધવનગર પાલ રોડ જોધપુર શહેર રાજસ્થાન મુળવતન ગામ સિવાસ તા.દેસોરી જી.પાલી રાજસ્થાન તેમજ (૨) રાજુરામ સ/ઓ સમરતાજી પુરોહીત ઉવ. ૩૨ રહે. મહેશ્વરી કોલોની કરડા રોડ, ભીનમાલ, જી.ઝાલોર રાજસ્થાન નાઓને તેઓના કબજાની એક શેવરોલેટ બીટ કાર નં.જી.જે.૨૭ એ.પી. ૬૧૫૩ નંબરની કાર કીરૂ. ૨,૦૦,૦૦૦/- ની કે જે તેઓ બન્નેએ ચોરી અગર છળકપટથી મેળવેલ હોવાના શક આધારે મળી આવતા કાર કબ્જે કરવામાં આવેલ અને બંન્ને આરોપીઓને સી.આર.પી.સી. ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરવામાં આવેલ.

આરોપીઓ પાસેથી મળી આવેલ કાર બાબતે તેઓની પુછપરછ કરતા આ બીટ કાર નો અસલ નં.જી.જે.૦૬.એચ.એલ.-૦૬૮૯ નો હોવાનુ અને આ કાર તેઓને એક મોહમદ મકસુદ ઉર્ફે ગુડ્ડુ સ/ઓ મોહમદ રજા કુરેશી કે જે ગામ પચરાસ તા. રાનીગંજ જી.પ્રતાપગઢ યુ.પી.નો રહેવાસી છે તેણે આ કાર વેચાણ કરવા સારુ આપેલ હોવાનુ અને આ કાર તેના માણસોએ વડોદરામાંથી ચોરેલ હોવાનુ અને આ કારનો નંબર પોતે બદલેલ હોવાનુ જણાવેલ જે કબુલાત આધારે તપાસ કરતાં આ કાર તા.૩૦/૮/૨૦૧૭ ના રોજ વડોદરા ખાતેથી ચોરાયેલ હોવાનુ તેમજ આ ચોરી અંગે વડોદરા શહેર હરણી પોસ્ટે. ખાતે ગુનો દાખલ થયેલ હોવાનુ જણાઈ આવેલ

આરોપીઓનીપુછપરછ દરમ્યાન બન્ને પૈકી આરોપી ભવરદાસ હરીદાસ વૈષ્ણવનાએ પોતે આ મુજબની વધુ કારો મેળવેલ હોવાનુ અને તે પૈકી એક ઈન્ડિકા કાર નં.જી.જે.૧૦.વાય.૯૮૯૧ ની તથા એક ટવેરા કાર તથા એક મારૂતી ઈકો કાર નં. આર.જે.૦૪.યુ.એ.૨૮૨૦ ની પોતાના ઓળખીતા સુરેશકુમાર નારાયણજી દરજી રહે. છત્રાલ નાઓને આપેલ હોવાનુ તેમજ એક અલ્ટો કાર નં આર.જે. ૨૭.સી.બી.૩૩૭૧ ની રાનીવાડા ખાતે માંગીલાલ જૈન નામના માણસને આપેલ હોવાનુ જણાવતા વધુ૪ કાર કિ.રૂ.૯,૦૦,૦૦૦/- કબ્જે કરવામાં આવેલ છે.

તેમજ સદર આરોપી ભવરદાસ હરીદાસ વૈષ્ણવનાએ પોતે આ મુજબની વધુ કારો મેળવેલ તે પૈકી એક **ઈકો** કાર તથા સેવરોલેટ બીટ કાર નંગ-૨ પોતે નારોલ હાઈવે રોડ ઉપર આવેલ આર.વી .ડેનીમ નામની કંપનીની બાજુમા ખુલ્લી જગ્યામા મુકી રાખેલ હોવાની કબુલાત કરી આ ત્રણેય કાર બતાવતા જેવધુ ૩ કાર કિ.રૂ. ૬,૫૦,૦૦૦/-ની કબ્જે કરેલ છે.

આમ, આરોપીઓ પાસેથી સેવરોલેટ ટાવેરા કાર-૧, ટાટા ઈન્ડિકા કાર-૧, મારૂતિ અલ્ટો કાર-૧, સેવરોલેટ બીટ કાર-૩, તથા મારૂતિ ઈકો કાર-૨ મળી કુલ્લે ૮ કાર કુલ્લે કિ.રૂ. ૧૭,૫૦,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. જે પૈકી મોટા ભાગની કારોમાં આરોપીઓએ એન્જીન, ચેચીસ નંબર ઘસી નાખી આવી કારોની ઓળખ ન થાય તે માટેના પુરતા પ્રયત્નો કરેલ છે. અને આવી કારોને જે તે કંપનીના સર્વિસ સ્ટેશનના રેકોર્ડ આધારે વાહનોના અસલ માલીકોને શોધી કાઢવામાં આવેલ છે.

આ કામના આરોપીઓએ ઉપરોક્ત બીટ કાર ના આર.ટી.ઓ. નંબરમાં ફેરફાર કરી GJ06HL0689 નુ કીંમતી વાહન હોવા છતા ઠગાઇ કરવાના હેતુથી ખોટી અને બનાવટી આરટી.ઓ નંબરજી.જે.૨૭ એ.પી. ૬૧૫૩ ની નંબર પ્લેટ બનાવી સદર વાહનમાં લગાડી તેનો ખરા તરીકે ઉપયોગ કરેલહોય પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ ઇ.પી.કો કલમ : ૪૦૬,૪૨૦,૪૬૫, ૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબની અલગ થી ફરિયાદ દાખલ કરી તે ગુન્હામાં બંન્ને આરોપીઓ તથા ખુલેલ નામવાળા આરોપી મકસુદ ઉર્ફે ગુડ્ડુ સ/ઓ મોહમદ રજા કુરેશીને અટક કરી ત્રણેય આરોપીઓના રીમાન્ડ મેળવવા સહીતની આ ગુન્હાની આગળની તપાસ તજવીજ હાલ પો.સ.ઈ.શ્રી સી.બી.ચૌધરીનાઓ કરી રહેલ છે.

સદર કબ્જે કરેલ તમામ કારો બાબતે આરોપી ભવરદાસ હરીદાસ વૈષ્ણવની પુછપરછ કરતા એક ઈમરાન કલકત્તાવાળા નામનો ઈસમ તેના કેટલાક માણસોને રાખી ગુજરાત તથા મહારાષ્ટ્રા તથા મધ્યપ્રદેશ ના અલગ–અલગ શહેરોમાંથી ફોરવ્હીલ ગાડીઓની ચોરીઓ કરાવતો હોવાનુ અને આ કામમાં તેની સાથે એક જાવેદ રીયાઝ પઠાણ કે જે હાલ ૪/૨૫ ઝુંપડા જુની મસ્જીદ પાછળ એકતાનગર વડોદરા ખાતે રહે છે અને તેનુ મુળ વતન ગામ તેજગઢ કમરોવા તા.જી.પ્રતાપગઢ ઉત્તર પ્રદેશ નો છે તે તથા બીજો એક માણસ નામે મહમદ નઈમ મહમદ સલીમ કુરેશી છે જે હાલ બી.એમ.સી. પતરાચાલ વડાલા મુંબઈ ખાતે રહે છે અને તેનુ મુળ વતન પણ ગામ તેજગઢ કમરોવા તા.જી.પ્રતાપગઢ ઉત્તર પ્રદેશ નુ છે. તેમજ ત્રીજો વ્યક્તિ નામે મકસુદ ઉર્ફે ગુડ્ડુ મહમદ રજાક સુન્ની કુરેશી છે જે ગામ પચરાસ તા રાનીગંજ જી.પ્રતાપગઢ યુ.પીનો રહેવાસી છે. અને તે પૈકી જાવેદ તથા મોહમદ નઈમ નાઓ અલગ અલગ શહેરોમાંથી ગાડીઓ ઉઠાવવાનુ કામ કરતા હોવાનુ તેમજ મકસુદ ઉર્ફે ગુડ્ડુ કે જે ઈમરાનના કહેવા મુજબ આવી ચોરીની ગાડીઓ જેને પણ પહોંચાડવાની હોય તેને આપવા જવાનુ કામ કરતો હોવાનુ જણાવેલ

આરોપીઓ પાસેથી કબ્જે કરેલ ગાડીઓ આધારે તથા આરોપીની કબુલાત આધારે તપાસ કરતાં ફોરવ્હીલ ગાડીઓની ચોરી અંગેના નીચે મુજબના ગુનાઓ ડીટેકટ થવા પામેલ છે

(૧) અમદાવાદ શહેર નારણપુરા પોસ્ટે. મારૂતી ઈકો કાર ચોરી ગુનો ડીટેકટ-૧
(૨) અમદાવાદ શહેર ચાંદખેડા પોસ્ટે. મારૂતી ઈકો કાર ચોરી ગુનો ડીટેકટ-૧
(૩) કલોલ પો.સ્ટે. મારૂતી ઈકો કાર ચોરી ગુનો ડીટેકટ-૧
(૪) કલોલ પો.સ્ટે. મારૂતી અલ્ટો કાર ચોરી ગુનો ડીટેકટ-૧
(૫) મહેસાણા સીટી પો.સ્ટે. મારૂતી અલ્ટો કાર ચોરી ગુનો ડીટેકટ-૧
(૬) મહેસાણા ‘બી’ ડીવીઝન પો.સ્ટે. મારૂતી ઈકો કાર ચોરી ગુનો ડીટેકટ-૧
(૭) વડોદરા શહેર હરણી પો.સ્ટે. સેવરોલેટ બીટ કાર ચોરી ગુનો ડીટેકટ-૧
(૮) વડોદરા શહેર જે.પી. રોડ પો.સ્ટે. સેવરોલેટ બીટ કાર ચોરી ગુનો ડીટેકટ-૧
(૯) ગોધરા કાલોલ પો.સ્ટે. સેવરોલેટ બીટ કાર ચોરી ગુનો ડીટેકટ-૧

આરોપીઓનો પુર્વ ઈતિહાસ

(૧) આરોપીભવરદાસ હરીદાસ વૈષ્ણવ નાનો અગાઉ ૧૯૯૯ માં મુંબઈ ક્રાઈમબ્રાન્ચ ખાતે મુંબઈ શહેરના અલગ અલગ પો.સ્ટે.ના ૧૯ જેટલા ફોર વ્હીલ ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે તેમજ વર્ષ ૨003 માં મુંબઈ ક્રાઈમબ્રાંચ ખાતે મુંબઈ શહેરના અલગઅલગ પો.સ્ટે.ના ૧૨ જેટલા ફોર વ્હીલ ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે. તેમજ વર્ષ ૨૦૧૫ માં અમદાવાદ ક્રાઈમબ્રાન્ચ ખાતે પકડાયેલ જેમા નારણપુરા પોસ્ટે. તથા નવરંગપુરા પોસ્ટે. ના મળી કુલ ૧૯ જેટલા ફોર વ્હીલ ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે તેમજ આરોપી વિરૂદ્ધ પાસા થતા જામનગર જેલ ખાતે ચારેક મહિના જેટલો સમય રહેલ છે. તેમજ રાજસ્થાનના જોધપુર જિલ્લાના મહામંદિર પોસ્ટે. ખાતેના વાહન ચોરીના કેસમાં જોધપુર કોર્ટનુ પકડ વોરંટ નીકળ્યાં આરોપી જોધપુર સેન્ટ્રલ જેલ ખાતે ચારેક મહિના રહેલ. બાદ વર્ષ ૨૦૧૬ માં જેલમાંથી છુટેલ ત્યારબાદ ડીસેમ્બર ૨૦૧૬ માં વડોદરાના ગોત્રી પોલીસ સ્ટેશનના ટાવેરા ચોરીના એક ગુનામાં ઉંઝા પોલીસના હાથે આરોપી પકડાયેલ હતો જે ગુનામાંથી તે ફેબ્રુઆરી ૨૦૧૭ માં જામીન પર છુટેલ છે.

(૨) આરોપી મોહમદ મકસુદ ઉર્ફે ગુડુ સ/ઓ મોહમદ રજા કુરેશી નાનો અગાઉ વર્ષ ૨૦૦૮ મુંબઈના કોલાબા વિસ્તારની સ્કોર્પીયો ચોરીના ગુનામાં તે વેસ્ટ બંગાલ ના દુર્ગાપુર ખાતે પકડાયેલ હતોતેમજ વર્ષ ૨૦૧૧ ના ઉત્તરપ્રદેશના લખનઉ ખાતેના લાલબાગ પો.સ્ટે.ની સ્કોર્પિયો ચોરીના એક ગુનામાં પકડાયેલ હતો તેમજ વર્ષ ૨૦૧૦ માં પોતાના વતન પ્રતાપગંજ ખાતે મારા મારીના બે કેસમા અગાઉ પકડાઈ ચુકેલ છે

(૩) આરોપી રાજુરામ સમરતાજી પુરોહીત નાનો અગાઉ ત્રણેક વર્ષ પહેલા અમદાવાદ ઓઢવ પો.સ્ટે.ના લુંટના ગુનામાં તથા ખોખરા પોસ્ટે.ના ચોરીના એક ગુનામાં પકડાયેલ છે.

## **અમરાઇવાડી પોલીસ સ્ટેશન :**

મે.પો.કમી.શ્રી અમદાવાદ શહેર નાઓના ફરમાન મુજબ અધીક પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ અને મદદનીશ પો.કમી.શ્રી આઈ ડીવીઝન સાહેબનાઓ તરફથી મળેલ સુચના આધારે અને અમરાઈવાડી પો.સ્ટે સીનીયર પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ ના માર્ગદર્શન હેઠળ અમરાઈવાડી પોલીસ સ્ટેશનના સર્વે સ્કોડના પો.સબ.ઈન્સ એસ.આર.બાવા તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા દરમ્યાન સાથેના પો.કો કનુભાઈ બાબુભાઈ બ.નં.૧૦૧૩૫ તથા પો.કો ધર્મેશભાઈ રમેશભાઈ બ.નં.૫૪૮૩ ની સંયુક્ત બાતમી હકીકત આધારે અમરાઈવાડી હાટકેશ્વર ડેપોની સામે સાઈબાબા કોમ્પલેક્ષમાં નીચેના ભાગે આવેલ આરોપી નં.૧ ની જય અંબે મોબાઈલ સોપ નામની દુકાનમાં (૧)અલગ અલગ બ્રાન્ડની ઈગ્લીશ દારૂ બીયરની બોટલ તથા ટીન મળી કુલ્લે નંગ ૩૮૪ કીમત રૂપીયા ૧૭૨૮૦૦/- તથા નં.(૨) રોકડા રૂપીયા ૨૪૦/- તથા નં.(૩)બે મોબાઈલ ફોન કીમત રૂપીયા ૩૨૦૦/- મળી કુલ્લે રૂપીયા ૧૭૬૨૪૦/- ના મુદ્દામાલ સાથે આરોપી (૧) અરૂણ સ/ઓ રામપ્રીત ચંન્દ્રબલી ગુપ્તા ઉવ:૨૬ રહે: મ.નં.૫ ભીમરાવની ચાલી સુર્યનગર હાટકેશ્વર અમરાઈવાડી અમદાવાદ શહેર મુળવતન ગામ:ઉરવાબજાર ગોરખપુર શહેર જી:ગોરખપુર ઉત્તર પ્રદેશ તથા નં.(૨) અજય સ/ઓ રમેશભાઈ ચંન્દ્રબલી ગુપ્તા ઉવ:૨૧ રહે: ૨૧/૨૪૧ કર્ણાવતી એપાર્ટમેન્ટ અંબીકા રોડ અમરાઈવાડી અમદાવાદ શહેર મુળવતન ગામ:ઉરવાબજાર ગોરખપુર શહેર જી:ગોરખપુર ઉત્તર પ્રદેશ તથા નં.(૩) વિનય ઉર્ફે મોનુ સ/ઓ બદ્રીપ્રસાદ શ્રીરામ ઉપાધ્યાય ઉવ:૨૨ રહે: એ/૧૨ જાનમહમદ કુરેશીની ચાલી રામનગર ભીલવાડા અમરાઈવાડી અમદાવાદ શહેર મુળવતન ગામ:બેલારામપુર તા:પટ્ટી જી:પ્રતાપગઢ ઉત્તર પ્રદેશ નાઓને આજરોજ તારીખ:૨૦/૦૯/૨૦૧૭ ના કલાક ૦૪/૧૫ વાગ્યે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.તારીખ:૨૦/૦૯/૨૦૧૭



**<u>વટવા પોલીસ સ્ટેશન :</u>**

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

<u>શરીર સબંધી</u>

મે. પોલીસ કમિશ્નરશ્રીના અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૬૧૩/૨૦૧૭ તા.૧૯/૦૯/૨૦૧૭ પાસા અટકાયતી નામે જમીલ ઉર્ફે કાળીયો સ/ઓ શરીફભાઈ જાતે-શાહ ઉવ.૩૨ રહે, મ.નં.૧ ખ્વાજાનગર વિભાગ-૫ અલમદીના સોસાયટીની સામે કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં દાખલ થયેલ શરીર સબંધી ગુનાઓમાં આરોપી વિરુધ્ધ હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૧૯/૦૯/૨૦૧૭ ના કલાક ૨૧/30 વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી જીલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

**રામોલ પોલીસ સ્ટેશન :**

## રામોલ પોલીસ સ્ટેશનના હોન્ડા એકટીવા ચોરીનો ગુનો ડિટેકટ કરતો શહેરકોટડા પોલીસ સ્ટેશન વ્હીકલ સ્કોડ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી પિયુષ પટેલ સાહેબ શ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ એન.એ.મુનીયા સાહેબ તથા એ.સી.પી.શ્રી બળદેવ દેસાઇ સાહેબ ના માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.એમ.ચૌધરી સાહેબ તથા સે.પો.ઇન્સશ્રી એ.ડી.ગોહીલ સાહેબની સુચનાથી પો.સ.ઇ. જે.એ.બારોટ તથા વ્હીકલ સ્કોડના માણસો સાથે શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત હકીકત આધારે, એક ઇસમ નામે કિશોરભાઇ ઉર્ફે કિસ્લો મિસ્ત્રી સ/ઓ મનજીભાઇ રાઠોડ ઉ.વ.૩૩ રહે, એફ/૪/૨૨૮ બંગલા એરીયા સત્ય નારાયણ ડેરીની પાછળ શંકરજી મંદિરની બાજુમા કુબેરનગર અમદાવાદ શહેર નાનો પોતાના કબ્જાની એક હોન્ડા એકટીવા જેની આગળ પાછળ નંબર પ્લેટ ન હોય તેમજ જેનો એંજીન નં- 8E8046130 તથા ચેસીસ નં- 128354 નો અસ્પષ્ટ વંચાય છે જેથી એકટીવાની આર.સી.બુક તથા કાગળો કે લખાણ માંગતા સદર ઇસમ ગલ્લા તલ્લા કરતો હોય સદર એકટીવાની કિં.રૂ.૨૫,૦૦૦/- ગણી સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી તેમજ આરોપીને સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબ આજરોજ તા.૨૦/૦૯/૨૦૧૭ ના કલાક ૦૪/૦૦ વાગે પકડી અટક કરી એકટીવા બાબતે પુછપરછ કરતા સદર આરોપીએ જણાવેલ કે "મારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી આજથી બે મહિના પહેલા બપોરના દોઢેક વાગ્યાની આસપાસ રામોલ સીટીએમ હાઇવે ઇગલ ટ્રાવેલ્સની સામે પુલની નીચેથી પસાર થતો હતો તે દરમ્યાન ત્યા એક હોન્ડા એકટીવા ચાવી સાથે પાંર્ક કરેલ હતુ જેથી મે ત્યાથી આ હોન્ડા એકટીવા ચોરી કરી લીધેલાનુ જણાવતો હતો."

તેમજ સદરી આરોપીની વધુમા પુછપરછ કરતા જણાવેલ કે "આજથી ચાર વર્ષ પહેલા છારાનગર ખાતે બગસરાની દુકાનમા બંગડીઓની ચોરી કરેલ અને સરદારનગર પોલીસ સ્ટેશનના માણસોએ મને પકડી પાડી મારા વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરેલ ત્યારબાદ મે સરદારનગરમા એક બહેનની સોનાની ચેઇનની લુંટ કરેલ હતી ત્યારબાદ સરદારનગર ખાતેથી એક બાઇક પણ ચોરી કરેલ હતી જેથી પોલીસે મને પકડી પાડી મારા વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરેલ હતી તેમજ આ ઉપરોકત ગુનાઓના કારણે સદર આરોપી જામનગર ખાતે પાસામા પણ ગયેલ હતો." તેમ જણાવતો હોય જેથી સદરી આરોપી વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ તપાસ સારૂ આરોપીને રામોલ પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરેલ હતી.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.